| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૧–૧૧–૨૦૨૫ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૧–૧૧–૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૨૪–૦૩–૨૦૨૬ |
| સમયગાળો | <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u><br>૦૦ ૦૪ ૦૩ |

**કુતિયાણાના મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં., મુ.કુતિયાણા.**

**<u>ફોજદારી કેસ નં.:૬૦૧/૨૦૨૪</u>**
**આંક:–**

શ્રી સરકાર ....................*ફરિયાદી*

**–:: વિરૂધ્ધ ::–**

(૧) સદામહુસૈન હારૂનભાઈ ગબોલ, ઉ.વ. ૩૩,
રહે. રહેમાની મસ્જીદની બાજુમાં, શિતળા ચોક, તા.જી.પોરબંદર
(૨) અવેશ કાસમભાઈ મલંગ, ઉ.વ. ૨૯,
રહે. શીતલા ચોક, સાંઢીયા શેરી, પોરબંદર, તા.જી.પોરબંદર
..................... *આરોપી*

---

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી. શ્રી જે.કે.પંડયા
આરોપીપક્ષ તરફે વિ.વ.શ્રી કે.જી.મહેતા

---

ગુનો:– જી.પી.એકટની કલમ–૧૨૪ મુજબ........

---

**<u>–:: ઠ રા વ ::–</u>**

(૧) આ કામનાં આરોપી સામે કુતીયાણાં પોલીસે જી.પી.એકટની કલમ–૧૨૪ મુજબ નાં ગુનાનું ચાર્જશીટ આ અદાલત સમક્ષ રજુ કરેલ છે.

(૨) **<u>ફરિયાદ પક્ષના કેસની ટુંક હકીકત</u>**

ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઈ તા.૦૮/૧૦/૨૪ ના રોજ ફરીયાદી તથા પો.સ્ટાફના માણસો સાથે કુતિયાણા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતાં ફરતાં દેવંગી સર્કલ પાસે પંહોચતા ત્યાં રોડ ઉપર એક ઈસમ હાથમાં થેલો લઈને ઉભેલો હોય જે પો.સ્ટાફના માણસોને જોઈને આડો અવળો થવા લાગતા મજકુરને જેમનો તેમ પકડી લઈ ચેક કરતા મજકુરના હાથમાં રહેલ થેલામાંથી અલગ અલગ કંપનીના અલગ અલગ બોક્ષમાંથી મોબાઈલ ફોન નંગ-૧૪ મળી આવતા, આરોપીને મોબાઈલ ફોન નંગ-૧૪ બાબતે આધાર કે બીલ માંગતા પોતાની પાસે નહી હોવાનું જણાવી આરોપીએ જી.પી.એ. કલમ-૧૨૪ મુજબનો ગુનો કરેલ છે.

(૩) બનાવની ઉપરોકત ફરીયાદીની ફરીયાદના આધારે તેમજ આરોપી સામે ઉપરોકત શિક્ષાને પાત્ર ગુના અંગેની ફરીયાદ અત્રેની કોર્ટમા રજુ કરતાં તે રજીસ્ટરે લઈ આરોપી સામે સમન્સ કરવામાં આવેલો.

(૪) આરોપી કોર્ટમાં હાજર થતાં તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ તેઓની સામેના આક્ષેપો અંગે આંક-૨૯ અને આંક-૩૦ થી આરોપીઓની પ્લી રેકર્ડ કરતાં આરોપીએ ગુના કબુલ કરેલ નહીં. જેથી આ કામે કેસ આગળ ચલાવી ફરીયાદ પક્ષનો પુરાવો લેવામાં આવેલ છે.

(૫) આ કામે ફરિયાદ પક્ષે નીચે મુજબના પુરાવાઓ રજુ રાખેલ છે.

**<u>મૌખિક પુરાવો:-</u>**

| **અનુ.નં.** | **આંક** | **સાહેદનું નામ** | **વિગત** |
|---|---|---|---|
| (૧) | ૩૫ | પીયુષભાઈ રામજીભાઈ ઓડેદરા | ફરીયાદી/ત.ક. અધિકારી |

| | | | |
|---|---|---|---|
| (૨) | ૪૫ | આનંદ ખીમા સોંદરવા | પંચસાહેદ |
| (૩) | ૪૮ | અક્ષયકુમાર જગતસિંહ ઝાલા | પોલીસ સાહેદ |
| (૪) | ૪૯ | બાવન સરમણભાઈ મોરી | પંચસાહેદ |
| (૫) | ૫૦ | વિજય બોઘાભાઈ કરમટા | પંચસાહેદ |

**<u>દસ્તાવેજી પુરાવો :–</u>**

| **અનુ.નં.** | **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| (૧) | ૦૧ | અસલ ફરીયાદ |
| (૨) | ૩૬ થી ૩૭ | એરેસ્ટ મેમો |
| (૩) | ૩૮ | આરોપીને મુદ્દામાલ સાથે અટક કર્યાનું પંચનામુ |
| (૪) | ૩૯ | સેકશન ૬૩(૪)(સી) મુજબનું સર્ટીફીકેટ |
| (૫) | ૪૦ | આરોપીના શરીર સ્થિતીનુ અટક પંચનામુ |
| (૬) | ૪૧ | તપાસની મંજુરી મળવા નામ. કોર્ટ તરફ કરેલ લેખીત રીપોર્ટ |
| (૭) | ૪૨ | નામ.કોર્ટ દ્વારા તપાસ માટે પરવાનગી આપતો અસલ હુકમ |
| (૮) | ૪૩ | મોબાઈલ ફોન ખરીદ કર્યાનુ વિનસ એન્ટરપ્રાઈઝનુ બીલ |

આ કામમાં ફરીયાદપક્ષે ઉપરોકત પુરાવા સિવાય બીજો કોઈ પુરાવો રજુ થયેલ નથી અને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરેલ છે.

(૬) આ કામમાં આરોપીઓનું આંક–૨૯ તથા આંક–૩૦ ના સાંધણ લગત બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધતા આરોપીઓએ ફરિયાદપક્ષની હકીકતોનો તેમજ તેઓની સામેના પુરાવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને તેઓએ આવો કોઈ ગુનો કરેલ

નથી.

(૭) આ કામમાં ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીને તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રીને સાંભળ્યા.

(૮) ઉપરોકત હકીકત, તેમજ રજુ થયેલ પુરાવો અને કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં આ કેસના નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા.૦૮/૧૦/૨૪ ના રોજ ફરીયાદી તથા પો.સ્ટાફના માણસો સાથે કુતિયાણા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતાં ફરતાં દેવંગી સર્કલ પાસે પંહોચતા ત્યાં રોડ ઉપર એક ઈસમ હાથમાં થેલો લઈને ઉભેલો હોય જે પો.સ્ટાફના માણસોને જોઈને આડો અવળો થવા લાગતા મજકુરને જેમનો તેમ પકડી લઈ ચેક કરતા મજકુરના હાથમાં રહેલ થેલામાંથી અલગ અલગ કંપનીના અલગ અલગ બોક્ષમાંથી મોબાઈલ ફોન નંગ–૧૪ મળી આવતા, આરોપીને મોબાઈલ ફોન નંગ–૧૪ બાબતે આધાર કે બીલ માંગતા પોતાની પાસે નહી હોવાનું જણાવી આરોપીએ જી.પી.એ. કલમ–૧૨૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે? |
| (૨) | શું હુકમ ? |

(૯) ઉપરોકત મુદાઓ પરત્વે આ કોર્ટનો નિર્ણય તેના કારણો સહીત નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

## <u>કારણો</u>

**<u>મુદા નંબર:–(૧).</u>**

સદર કામે ફરીયાદપક્ષે પોતાના કેસની હકીકત પુરવાર કરવા માટે કુલ–પ જેટલા સાહેદો તપાસવામાં આવેલા છે. તેમજ કુલ–૮ જેટલા દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખેલ છે. જેમાં પંચસાહેદોનો પુરાવો, ફરીયાદી, પોલીસ સાહેદ તથા તપાસ કરનાર અધિકારીનો પુરાવો વિગેરે મહત્વના ગણી શકાય તેવા પુરાવાઓ ફરીયાદપક્ષે રજુ રાખવામાં આવેલા છે. એવીડન્સ એકટની કલમ–૧૦૧ ધ્યાને લઈએ તો, ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાની તેઓની જવાબદારી છે. આ કામે પ્રથમ પંચસાહેદોનો પુરાવો ધ્યાને લઈએ તો,

(૧૦) **<u>પંચસાહેદોનો પુરાવો :–</u>**

(૧૦.૧) આ કામમાં ફરીયાદપક્ષ તરફે આંક–૩૮ વાળા આરોપીને મુદ્દામાલ સાથે અટક કર્યાના પંચનામાના પંચ સાહેદ આનંદ ખીમાભાઈ સોંદરવાને આંક–૪૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને સદર પંચસાહેદે પંચનામામાં તેઓની સહી હોવાનું જણાવેલ છે. જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં તેઓએ તૈયાર લખેલ પંચનામામાં સહી કરેલ હોવાનું જણાવેલ છે. જયારે આ પંચનામાનાં અન્ય પંચસાહેદ જગદીશ દલસુખભાઈ સોંદરવા મરણ ગયેલ હોય, જેથી તેઓને આ કામે તપાસીને તેઓનો પુરાવો રેકર્ડ કરી શકાયેલ નથી. આમ, ફરીયાદપક્ષે તટસ્થ અને સ્વતંત્ર સાહેદના પુરાવાથી પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ નથી તેમજ આંક–૩૮ વાળા પંચનામાની કોઈ હકીકત પુરવાર કરેલ નથી.

(૧૦.૨) આ કામમાં ફરીયાદપક્ષ તરફે આંક–૪૦ વાળા આરોપીના શરીર સ્થિતીનુ અટક પંચનામાના પંચ સાહેદ બાવન સરમણભાઈ મોરીને આંક–૪૯ થી તથા બીજા પંચ સાહેદ વિજય બોઘા કરમટાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને સદર બંને પંચસાહેદોએ પંચનામામાં તેઓની સહી હોવાનું જણાવેલ છે. જયારે આરોપી

તરફેની ઉલટતપાસમાં તેઓએ તૈયાર લખેલ પંચનામામાં સહી કરેલ હોવાનું જણાવેલ છે. આમ, ફરીયાદપક્ષે તટસ્થ અને સ્વતંત્ર સાહેદના પુરાવાથી પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ નથી તેમજ આંક-૪૦ વાળા પંચનામાની કોઈ હકીકત પુરવાર કરેલ નથી.

(૧૧) **<u>ફરીયાદી/ત.ક.અમલદાર તથા પોલીસ સાહેદનો પુરાવો :-</u>**

(૧૧.૧) આ કામમાં ફરીયાદપક્ષે આ કામનાં ફરીયાદી/ત.ક.અધિકારી પીયુષભાઈ રામજીભાઈ ઓડેદરાને આંક-૩૫ થી સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં તેઓએ પોતાની ફરીયાદ તથા તપાસ હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે અને જુબાની દરમ્યાન આંક-૩૬ થી ૩૭ આરોપીઓનો એરેસ્ટ મેમો તથા આંક-૩૮ થી આરોપીને મુદ્દામાલ સાથે અટક કર્યાનું પંચનામુ તથા આંક-૩૯ થી સેકશન ૬૩(૪)(સી) મુજબનું સર્ટીફીકેટ તથા આંક-૪૦ થી આરોપીના શરીર સ્થિતીનુ અટક પંચનામુ તથા આંક-૪૧ થી તપાસની મંજુરી મળવા નામ. કોર્ટ તરફ કરેલ લેખીત રીપોર્ટ તથા આંક-૪૨ થી નામ.કોર્ટ ધ્વારા તપાસ માટે પરવાનગી આપતો અસલ હુકમ તથા આંક-૪૩ થી મોબાઈલ ફોન ખરીદ કર્યાનુ વિનસ એન્ટરપ્રાઈઝનુ બીલ રજુ રાખેલ છે. જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં ફરીયાદીએ **એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,** બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે ત્યાં વાહનો તથા માણસોની સતત અવર-જવર રહે છે. આ કામના ફરીયાદી તથા તપાસ કરનાર અધિકારી અમો જ છીએ. આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. જી.એસ.ટી. નંબર સંબંધે મારી પાસે તપાસ કરવાની કોઈ સતા રહેલ નથી. મે આ કામે જી.એસ.ટી. વિભાગને કોઈ જાણ કરેલ નથી. વિનસ એન્ટરપ્રાઈઝ-મુંબઈ સંબંધે મેં કોઈ તપાસ કરેલ નથી. જયારે આ સિવાયની અન્ય હકીકતોને સદર ફરીયાદીએ ઉલટતપાસમાં નકારી કાઢેલ છે.

(૧૧.૨) આ કામમાં ફરીયાદપક્ષે તરફે આ કામનાં સાહેદ અક્ષયકુમાર

જગતસિંહ ઝાલાને આંક–૪૮ થી સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં તેઓએ ફરીયાદીની ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં ફરીયાદીએ **એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,** બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે ત્યાં વાહનો તથા માણસોની સતત અવર–જવર રહે છે. જયારે આ સિવાયની અન્ય હકીકતોને સદર સાહેદે ઉલટતપાસમાં નકારી કાઢેલ છે.

(૧૨) આમ, આ કામે ફરીયાદી/તપાસ કરનાર અમલદારની ફરીયાદ તથા તપાસની હકીકત ઘ્યાને લેતા અને સાથે રેકર્ડ પર જોવામાં આવે તો ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપી પાસેથી બિલ કે આધાર વગરના ૧૪ મોબાઈલ મળી આવેલ છે. આંક–૩૫ થી તપાસેલ ફરીયાદીએ તેમની સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, આ કામે કબ્જે કરેલ મોબાઈલ ફોન આરોપી નં. ૨ ના એ વિનસ એન્ટરપ્રાઈઝ, અસરફી શોપીંગ સેન્ટર મુંબઈ ખાતેથી રૂ. ૧૬૩૦૦/– માં લીધેલા હતા જેનુ ઓનલાઈન પેમેન્ટ કરેલ અને તે અંગેનુ બિલ રજુ કરેલ છે. સદર ફરીયાદીની ઉલટ તપાસ કરતા એવી હકીકત જણાવેલ છે કે, જી.એસ.ટી. નંબર સંબંધે મારી પાસે તપાસ કરવાની કોઈ સતા રહેલી નથી. મેં આ કામે જી.એસ.ટી. વિભાગને કોઈ જાણ કરેલી નથી. વિનસ એન્ટરપ્રાઈઝ મુંબઈ સંબંધે કોઈ તપાસ કરેલ નથી. આમ,સદર સાહેદની જુબાની જોતા આરોપી વિરૂઘ્ધ ગુજરાત પોલીસ એકટની કલમ–૧૨૪ મુજબનો ગુનો બનતો નથી. સદર મોબાઈલ આરોપીઓએ ચોરી કે છળકપટથી મેળવેલ હોવાનો ગુનો નિ:શંક પણે પુરવાર કરેલ નથી જેથી આરોપીઓને આ ગુનાના કામેથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા ન્યાયના હિતમાં લાગે છે અને તેથી આ કામની ઉપરકોત વિગતવાર ચર્ચેલ તમામ હકીકતો જોતા મુદ્દા નં. ૦૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં. ૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

આ કામનાં આરોપીઓને બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૮(૧) અન્વયે અન્વયે ધી જી.પી.એકટની કલમ-૧૨૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાના આરોપ માંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

આ કામમાં મુદ્દામાલ મોબાઈલ મેળવવાની અરજી અંગે અગાઉ કરેલ હુકમ કાયમ રાખવામાં આવે છે તથા મુદામાલ પાવતીમાં જણાવ્યા મુજબનાં અન્ય મુદ્દામાલનો અપીલ સમય પુરો થયા બાદ નીતી-નિયમો મુજબ નાશ કરવો.

આરોપીઓએ બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૧ મુજબ અપીલના કામે જરૂર પડયે હાજર થવા બાબતેના છ માસ સુધીની મુદતના રૂા. ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા અત્રેની કોર્ટમાં આપવાના રહેશે.

આ હુકમ આજરોજ તા.૨૪મી, માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૪-૦૩-૨૦૨૬.
સ્થળ : કુતિયાણા

**(કલ્પેશ લક્ષ્મણભાઈ નાડિયા)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
કુતિયાણા.
જજ કોડ: જીજે૦૧૪૩૩